મુદ્રકઃ-શાહ સોમાલાલ મંગળદાસ.
મુદ્રણાલયઃ ધી ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસ, પાંચકુવા-અમદાવાદ.

" श्रीमद्गोकुलेन्दुर्विजयते. "

श्रीमद्भगवत्सेवासमये

भावुकवैष्णवभक्तानांपाठार्थम् ॥

श्रीगुर्जरभाषयोपेतम्

# श्रीमद्गोकुलनाथाऽष्टकम् ॥

कपडवणजाऽभिधपुरे.

प्रणेता,

ज्योतिर्वित्पुरुषोत्तमशास्त्री.

शाके १८९२.

# ध्येयविषयम् ।

एकं शास्त्रं देवकीपुत्रगीतम् ।
एको देवो देवकीपुत्र एव ॥
मन्त्रोऽप्येकस्तस्यनामानि यानि ।
कर्माप्येकं तस्य देवस्य सेवा ॥१॥

શાસ્ત્ર એકજ છે અને તે શ્રી દેવકીજીના પુત્ર શ્રીકૃષ્ણ–ભગવાને ગાયેલું શ્રીમદ્ ભગવત્ગીતા શાસ્ત્રજ છે. દેવ એક જ છે અને તે શ્રી દેવકીજીના પુત્ર શ્રીકૃષ્ણ પરમાત્માજ છે. મંત્ર પણ એકજ છે જે તે પરમાત્માનાં નામો છે. કર્મ પણ એકજ છે જે તે શ્રીકૃષ્ણદેવની સેવા છે.

# सधन्यवादाऽऽशिर्वचनम् ॥

श्रीस्वस्तिदे वस्त्रक्रयेऽतिरम्ये ।
अम्बादिलालाऽऽत्मजलब्धकीर्तिः ॥
गुलाबदासेतिप्रसिद्धनामा ।
सौधन्यजन्मा प्रतिभाति नित्यम् ॥१॥

કલ્યાણમય શ્રી કપડવણજમાં, ધન્ય જન્મ છે જેમનો એવા તથા શ્રીમાન્ અંબાલાલભાઇના સુપુત્ર, લબ્ધકીર્તિ પ્રસિદ્ધનામા શ્રીયુત્ શેઠ ગુલાબદાસભાઈ બિરાજે છે. ૧

उदारचेता गुणवान् धनाढ्यो
महामनश्वी विनयी दयालुः ॥
धर्माऽर्थकार्येबहुदत्तवित्तो
जीयाच्चिरं विज्ञगुलाबदासः ॥२॥

ઉદાર મનવાળા ગુણવાન્ ધનવાન્ તથા મનસ્વી વિનયવાન્ અને દયાળુ વળી હંમેશાં ધર્મ પુણ્ય કાર્યમાં દ્રવ્યાદિ દાન આપવાવાળા. ( આ ધર્મ કાર્યમાં પણ મુદ્રણ સંબંધી દ્રવ્યાદિ મદદ આપનાર ) બુદ્ધિમાન્ શ્રી ગુલાબદાસભાઈ ઘણાં વર્ષ જીવો. ૨

प्रणेता,

શેઠશ્રી ગુલાબદાસ અંબાલાલભાઇ.



શ્રી વૈષ્ણવધર્મ સેવક.

# नित्यकर्तव्यदर्शनम् ।

चिन्ता नैव विधीयतां हृदि सदा
कृष्णः समाधीयताम् ।
अन्तर्निष्ठतया बहिर्जनभया
दाजीवनं सेव्यताम् ॥
संसारः परिचीयतां कृतिफले
वैराग्यमाधीयताम् ।
आनन्दैकनिधानमानसतया
चेतः सुखं स्थीयताम् ॥१॥

तत्कीर्तिः परिगीयतां भुवि सदा
सङ्गः सतां श्रीयताम् ।
अन्येषामतिमोहहेतुवचनात्
सङ्गात्सदा भीयताम् ॥
श्रीकृष्णाननकृष्णवर्त्मविषये
विश्वस्यतामादरात् ।

**आशाबद्धफलाभिलाषुकतया**
**चेतः सुखं स्थीयताम् ॥२॥**

ચિંતા તો ન જ કરો. અંદર બિરાજતા હોવાને લીધે નિરંતર શ્રીકૃષ્ણને હૃદયમાં લાવો. બહાર જનોના ભયથી આજીવિકા ( વૃત્તિ ) સેવો. સંસારના પરિચયમાં આવો. કર્મના ફળમાં વૈરાગ્ય સ્થાપો. આનંદરૂપ પ્રભુ જ જેનું સ્થાન છે એવું હૃદય હોવાને લીધે અંતઃકરણને સુખે સ્થિતિ કરવા દો. પૃથ્વિમાં ભગવત્ ગુણો ખૂબ ગાયા કરો. નિરંતર સત્સંગનો આશ્રય કરો. બીજાઓના મહા મોહમાં નાંખનારા વચનથી અને સંગથી સદા ભય પામો. ભગવન્મુખારવિંદરૂપ શ્રીવલ્લભાધીશ્વરે પ્રગટ કરેલા શ્રીકૃષ્ણ સેવારૂપ માર્ગ વિષે ઘણા આદરથી વિશ્વાસ રાખો. આશાએ બાંધેલા ફળની અભિલાષાવાળા થઇને ચિત્તને સુખમાં રહેવા દો. ૨.



# श्रीप्रभुप्रार्थना.

**सिन्धौ निमग्नोऽपि विलोक्य देशम् ।**
**फलाशयाऽऽप्नोति स मौक्तिकानि ॥**
**गुणाम्बुधौ नाथ ! धिया निमग्नः ।**
**कथं न मुक्ताधिकमाप्तुमर्हः ॥ १ ॥**

ફળની આશાએ સમુદ્રમાં ડુબેલો માણસ પણ દેશ (સ્થાન) જોઇને તે મોતી મેળવે છે તો હે નાથ! બુદ્ધિથી તારા ગુણરૂપી સમુદ્રમાં ડુબેલો મુક્તાથી– મોતીથી ( મોક્ષથી ) અધિક (ભક્તિ) મેળવવાને કેમ યોગ્ય નથી ? ૧

नित्यलीलास्थ चतुर्थपीठाधीश्वर गोस्वामी ६
श्रीलक्ष्मणलालजी महाराज.



वैष्णवदीक्षाशिक्षाप्रचारसन्दत्तचित्तसर्वस्वः ॥
श्रीमाँल्लक्ष्मणलालस्सधर्मवादेषु सादरं नम्यः ॥१॥

## नित्यलीलास्थ चतुर्थपीठाधीश्वर गोस्वामीश्री
## ६ श्रीकन्हैयालालजी महाराज.



प्रवक्ता पुष्टिशास्त्राणामाचार्यकुलभूषणः ॥
कन्हैयाललदिव्याऽऽत्मा स्वीयानाम्पातु सर्वदा ॥१॥

## श्रीमद्गोस्वामी श्रीवल्लभलालजी महाराज.



श्रीदेवकीनन्दननन्दनोऽसौ भक्तान्समुद्धर्त्तुमिहाऽवतीर्णः ॥
पुष्ट्याऽऽख्यमार्गं प्रचुरं वितन्वन् विराजते वल्लभलालविज्ञः ॥१॥

# आवश्यकनिवेदन.

## कृतार्थकपडवणज.

કપંડવંજમાં શ્રીગોકુલનાથજીનું મંદિર છે. એમાં શ્રીવ્રજદુલેહજી ઠાકુરજી બિરાજે છે. આ સ્વરૂપ બસોબાવન ૨૫૨ વૈષ્ણવોમાંના રાજા રાણી ઉપર શ્રીગુસાંઇજીએ પધરાવી આપેલું હતું. સ્વરૂપના સૌંદર્યતાની તો વાતજ શી કરવી? કપડવણજના વૈષ્ણવોની વિનંતિથી એ સ્વરૂપ કપડવણજમાં આજ ૭૦ વરસથી બિરાજે છે.

वै. ध. प. पु. ७ अं ५ प १४१.

અમારા પરમ પૂજ્ય વયોવૃદ્ધ પિતૃચરણદ્વારાએ અમોએ પણ વારંવાર તે પ્રમાણે સાંભળ્યું છે તો તે આધારે અષ્ટકમાં અનુમાન સંવત પ્રકટ કર્યાં છે. મૂર્તિના સ્વરૂપ સૌંદર્યતા સાથે શ્રીવ્રજદુલેહજી ઠાકુરજીના સત્ય સ્વરૂપનું ભાન કોઈ ભાગ્યશાળી ભક્તગણનેજ હશે. તો આજે શ્રી પ્રભુની દયાથી શ્રી ઠાકુરજીના સત્ય સ્વરૂપને હૃદયંગમ કરીને અષ્ટક ( સ્તોત્ર ) દ્વારા અહોનિશ પ્રાર્થના સ્તુતિ કરી હંમેશાંને માટે આપણે કૃતાર્થ થઇશું.

प्रणेता,



श्रीमद्गोकुलेन्दुर्विजयते.

वस्त्रकृत्याऽभिधपुरवास्तव्यश्रीमज्ज्योतिर्वित्पुरुषोत्तम
शास्त्रिप्रविरचितम्

# ॥ श्रीमद्गोकुलनाथाऽष्टकम् ॥

श्रीमद्व्रजे व्रजजनैः परिसेवितं तं
श्रीराधिकापरमरञ्जनरञ्जितंतम् ॥
मुक्ताहिरण्यमणिभूषणभूषितंतं
श्रीमद्व्रजे व्रजदुलेहमहं भजामि ॥१॥

પરમ પુનિત વ્રંદાવનમાં જેની સેવના વ્રજજનોએ કરી છે. શ્રી રાધિકાજીની પ્રસન્નતામાં પ્રસન્ન. સુવર્ણ-મણિ અને મોતીના આભૂષણોથી સુશોભિત તે શ્રીવ્રજદુલેહજી મહાપ્રભુજીને હું ભજું છું. ૧

ब्रह्मेन्द्ररुद्रसुरसेवितगोकुलेशं
गोभूमिदेवपरिरक्षणतत्परेशम् ।
श्रीदर्शनाच्चबहुहर्षकरं रमेशं
श्रीमद्व्रजे व्रजदुलेहमहं भजामि ॥१॥

બ્રહ્મા, ઈંદ્ર, મહાદેવ આદિ દેવગણો હંમેશાં જેની શેવા કરે છે એવા શ્રી ગોકુલના પતિ, વળી

પૃથ્વિ ગાયો તથા બ્રાહ્મણોના રક્ષણ પરાયણ તથા જેનાં દર્શન કરવાથી અત્યંતઆનંદને આપવાવાળા એવા શ્રી લક્ષ્મીપતિ શ્રીમદ્ વ્રજ દુર્લેહ પ્રભુને હું ભજું છું. ૨

---

**श्रीगोकुलेगोपजबालकैर्युतः**
**श्रीबंसिकामङ्गुलिभिस्सुवादयन् ॥**
**भक्तानसौ मोहयतीह माधव**
**स्तंगोकुलेशं सततं नमाम्यहम् ॥१॥**

જે માધવ ગોકુલમાં ગોવાળ બાળકોની સાથે અંગુલિકાવડે કરીને વાંસળીને વગાડી ભક્તોને મોહ પમાડતા હતા તે શ્રીગોકુલનાથજી મહાપ્રભુને હું વારંવાર નમસ્કાર કરૂં છું. ૧

**श्रीभारते भव्यतमे व्रजे वरे**
**लीलास्थले गोपगणै स्सुसेवितम् ॥**
**श्रीकाम्यकेऽरण्यशुभे सुशोभितं**
**नमाम्यहं गोकुलनाथमीश्वरम् ॥२॥**

ભવ્યાતિભવ્ય ભારતભૂમિ લીલાસ્થલ વ્રજમાં ગોવાળ મંડળી જેને સેવે છે. સુંદર કામવનમાં શોભાને આપતા હતા. તે શ્રીમદ્ ગોકુલનાથજી પ્રભુને હું નમું છું. ૨



**सिंहासने स्वर्णमये सुशोभने**
**सुधारयन् रूपमनन्यमद्भुतम् ॥**
**विराजितं नीरदभं हरिं स्वयं**
**नमाम्यहं गोकुलनाथमीश्वरम् ॥३॥**

સુંદર સુવર્ણના સિંહાસનમાં બિરાજતા. સુંદર અદ્ભુત સ્વરૂપને ધારણ કરનાર સ્વયંશ્રી ઘનશ્યામ સુંદર શ્રીમદ્ ગોકુલનાથજી પ્રભુને હું નમસ્કાર કરૂં છું. ૩

**सुपौर्णिमास्याश्वशुभाऽऽश्विनेऽमले**
**वनेरजन्यां थेइताञ्च थेइता ॥**
**नित्युच्चरन् रासकरं तमद्भुतं**
**नमाम्यहं गोकुलनाथमीश्वरम् ॥४॥**

વૃંદાવનમાં નિર્મલ આશ્વિન માસની શરદ પૂર્ણિમાની રાત્રીમાં થેઇતાં થેઇતાં થેઇતાં ઈત્યાદિ તાલ શબ્દનો ઉચ્ચાર કરતા રાસને કરવાવાળા અદ્ભુત સ્વરૂપી શ્રીમદ્ ગોકુલનાથજી પ્રભુને હું નમસ્કાર કરૂં છું. ૪

व्रन्दावनं येन पुरा सुरक्षितं
सन्नाशितं दानवदैत्यसंकुलम् ॥
संवर्द्धितं भक्तिपथं तमीश्वरं
नमाम्यहं गोकुलनाथमीश्वरम् ॥५॥

પૂર્વકાળમાં વ્રંદાવનનું જેણે સંરક્ષણ કર્યું દાનવ તથા દૈત્ય કુલનો સંહાર કર્યો ભક્તિ માર્ગનું પોષણ કર્યું એવા તે પરમેશ્વર શ્રીમદ્ ગોકુલનાથજી પ્રભુને હું નમસ્કાર કરૂં છું. ૫

भूभारनाशाय युगे युगे सदा
सुधर्मरक्षाय युगे युगे मुदा ॥
धृताऽवतारं तमलौकिकं प्रभुं
नमाम्यहं गोकुलनाथमीश्वरम् ॥६॥

યુગયુગમાં પૃથ્વિ ભારના નાશને માટે તથા ધર્મના સંરક્ષણને માટે જે પ્રભુ અવતાર ધારણ કરે છે એવા તે અલૌકિક પ્રભુ શ્રીમદ્ ગોકુલનાથજી પ્રભુને હું નમસ્કાર કરૂં છું. ૬



पिताम्बरै मौक्तिकभूषणैर्युतं
श्रीवल्लभाऽऽचार्यगणैस्सुसेवितम् ॥
सुपुण्यदे सुंदरमन्दिरे स्थितं
नमाम्यहं गोकुलनाथमीश्वरम् ॥७॥

પુણ્ય પ્રદ સુંદર મંદિરને વિષે બિરાજમાન પિળાં પિતાંબરને ધારણ કરનાર મોતીના આભૂષણોથી યુક્ત તથા ગોસ્વામી શ્રીમદ્ વલ્લભ આદિ આચાર્ય ગણોથી સંસેવિત એવા શ્રીમદ્ ગોકુલનાથજી પ્રભુને હું નમસ્કાર કરૂં છું. ૭

नशाऽभ्रनन्दैकमिते सुवत्सरे
वस्त्रक्रये भक्तजनोद्धरायवै ॥
श्रीलक्ष्मणाऽऽयैं र्विधिवद्विराजितं
नमाम्यहं गोकुलनाथमीश्वरम् ॥८॥

સંવત ૧૯૦૯ કપડવણજમાં પોતાના ભક્તોના કલ્યાણાર્થે ( પરમભાવુક વૈષ્ણવોની વિનંતિથી ) શ્રીમદાચાર્ય વર્ય ગોસ્વામી શ્રીલક્ષ્મણ લાલજી મહા-

રાજે શાસ્ત્રોક્ત વિધિદ્વારા બિરાજમાન કર્યા ( પધરાવ્યા છે ) એવા શ્રીમદ્ ગોકુલનાથજી પ્રભુને હું નમસ્કાર કરૂં છું. ૮

श्रीमद्व्रजेशस्य पवित्रमष्टकं
भक्तिपदं केशवसूनुना स्वयम् ॥
कृतंमया श्रीपुरुषोत्तमेन वै
प्रभोः पदाऽब्जे च समर्पितं शुभम् ॥९॥

શ્રીમદ્વૃજેશ શ્રીવ્રજદુલેહરાયજી મહાપ્રભુ શ્રીમદ્ ગોકુલનાથજીનું ભક્તિને આપવાવાળું એવું આ પવિત્ર અષ્ટક તેને મેં શ્રીમજ્જ્યોતિર્વિત્ કેશવલાલના પુત્ર શ્રીયુત પુરૂષોત્તમે સ્વયં બનાવ્યું છે અને તે શ્રીપ્રભુના ચરણકમળમાં અર્પણ કર્યું છે. ૯

शुभम्भवतु पाठकानाम्.



શ્રીમદ્ગોકુલેન્દુર્વિજયતે.

કપડવણજનગર વાસ્તવ્ય
જ્યોતિર્વિત્પુરૂષોત્તમ શાસ્ત્રિ

## પ્રવિરચિતમ્

શ્રીમદ્ ગોકુલનાથાઽષ્ટકમ્ ॥

શ્રીમદ્વ્રજે વ્રજજનૈઃ પરિસેવિતન્તં ।
શ્રી રાધિકા પરમરંજન રંજીતંતમ્ ॥
મુક્તા હિરણ્યમણિભૂષણ ભૂષિતંતમ્ ।
શ્રીમદ્વ્રજેવ્રજદુલેહ મહંભજામિ ॥ ૧ ॥

પરમ પુનિત વૃંદાવનમાં જેની સેવના વ્રજજનોએ કરી છે. શ્રી રાધિકાજીની પ્રસન્નતામાં પ્રસન્ન. સુવર્ણ-મણિ અને મોતીના આભૂષણોથી સુશોભિત તે શ્રી વ્રજદુલેહજી પ્રભુને હું ભજું છું. ૧

બ્રહ્મેન્દ્ર રૂદ્રસુર સેવિત ગોકુલેશમ્ ।
ગોભૂમિદેવ પરિરક્ષણ તત્પરેશમ્ ॥
શ્રીદર્શનાચ્ચ બહુહર્ષકરં રમેશમ્ ।
શ્રીમદ્વ્રજે વ્રજદુલેહમહં ભજામિ ॥ ૨ ॥

બ્રહ્મા ઇંદ્ર મહાદેવ આદિ દેવગણો હમેશાં જેની સેવા કરે છે. એવા શ્રી ગોકુલના પતિ વળી પૃથ્વિ

ગાયો તથા બ્રાહ્મણોના રક્ષણ પરાયણ જેનાં દર્શન કરવાથી અત્યંત આનંદને આપવાવાળા એવા શ્રી લક્ષ્મીપતિ શ્રીમદ્ વ્રજદુલેહ પ્રભુને હું ભજું છું. ૨

શ્રીગોકુલે ગોપજ બાલકૈર્યુતઃ ।
શ્રીબંસિકામંગુલિભિસ્સુવાદયન્ ॥
ભક્તાનસૌ મોહયતીહ માધવ ।
સ્તં ગોકુલેશં સતતં નમામ્યહમ્ ॥ ૧ ॥

જે માધવ ગોકુલમાં ગોવાળ બાળકોની સાથે અંગુલિકાવડે કરીને વાંસળીને વગાડી ભક્તોને મોહ પમાડતા હતા. તે શ્રીગોકુળનાથજી મહાપ્રભુને હું વારંવાર નમસ્કાર કરૂં છું. ૧

શ્રીભારતે ભવ્યતમે વ્રજે વરે ।
લીલાસ્થલે ગોપગણૈ સ્સુસેવિતમ્ ॥
શ્રીકામ્યકે રણ્યશુભે સુશોભિતં ।
નમામ્યહં ગોકુલનાથમીશ્વરમ્ ॥ ૨ ॥

ભવ્યાતિભવ્ય ભારતભૂમિ, લીલા સ્થળ વ્રજમાં ગોવાળ મંડળી જેને સેવે છે. સુંદર કામવનમાં અપૂર્વ શોભાને આપતા હતા. તે શ્રીમદ્ ગોકુલનાથજી પ્રભુને હું નમું છું. ૨

સિંહાસને સ્વર્ણમયે સુશોભને ।
સુધારયન્ રૂપમનન્ય મદ્દભુતં ॥



વિરાજીતં નીરદભં હરિં સ્વયં ।
નમામ્યહં ગોકુલનાથમીશ્વરમ્ ॥ ૩ ॥

સુંદર સુવર્ણના સિંહાસનમાં બિરાજતા સુંદર અદ્દભુત સ્વરૂપને ધારણ કરનાર સ્વયંશ્રી ઘનશ્યામ સુંદર શ્રીમદ્ ગોકુલનાથજી પ્રભુને હું નમસ્કાર કરૂં છું. ૩

સુપૌર્ણિમાસ્યાંચ્ય શુભાશ્વિનેમલે ।
વને રજન્યાં થેઇતાંચ્ય થેઇતા ॥
નિત્યુચ્ચરન્ રાસકરં તમદ્દભુતં ।
નમામ્યહં ગોકુલનાથમીશ્વરમ્ ॥ ૪ ॥

વ્રંદાવનમાં નિર્મલ આશ્વિન માસની શરદ પૂર્ણિમાની રાત્રીમાં થેઇતાં થેઇતાં થેઇતાં ઇત્યાદિ તાલ શબ્દનો ઉચ્ચાર કરતા. રાસને કરવાવાળા અદ્દભુત સ્વરૂપી. શ્રીમદ્ ગોકુળનાથજી પ્રભુને હું નમસ્કાર કરૂં છું, ૪

વ્રંદાવનં યેન પુરા સુરક્ષિતં ।
સન્નાશિતં દાનવદૈત્યસંકુલમ્ ॥
સંવર્દ્ધિતં ભક્તિપથં તમીશ્વરમ્ ।
નમામ્યહં ગોકુલનાથમીશ્વરમ્ ॥૫॥

પૂર્વકાળમાં વ્રંદાવનનું જેણે સંરક્ષણ કર્યું. દાનવ તથા દૈત્યકુલનો જેણે સંહાર કર્યો. ભક્તિ માર્ગનું

પોષણ કર્યું એવા તે પરમેશ્વર શ્રીમદ્ ગોકુલનાથજી પ્રભુને હું નમસ્કાર કરૂં છું. ૫

ભૂભારનાશાય યુગે યુગે સદા ।
સુધર્મરક્ષાય યુગે યુગે મુદા ॥
ધૃતાવતારં તમલૌકિકં પ્રભું ।
નમામ્યહં ગોકુલનાથમીશ્વરમ્ ॥ ૬ ॥

યુગ યુગમાં પૃથ્વિભારના નાશને માટે તથા ધર્મના સંરક્ષણને માટે જે પ્રભુ અવતાર ધારણ કરે છે એવા તે અલૌકિક પ્રભુ શ્રીમદ્ ગોકુલનાથજી પ્રભુને હું નમસ્કાર કરૂં છું. ૬

પિતાંબરૈ મૌક્તિકભૂષણૈર્યુતં ।
શ્રીવલ્લભાચાર્યગણૈ સ્સુસેવિતમ્ ॥
સુપુણ્યદે સુંદરમંદિરે સ્થિતં ।
નમામ્યહં ગોકુલનાથમીશ્વરમ્ ॥ ૭ ॥

પુણ્યપ્રદ સુંદર મંદિરને વિષે બિરાજમાન પિળાં પિતાંબરને ધારણ કરનાર મોતીના આભૂષણોથી યુક્ત તથા ગોસ્વામી શ્રીમદ્ વલ્લભાચાર્ય આદિ આચાર્ય ગણોથી સંસેવિત એવા શ્રીમદ્ ગોકુલનાથજી પ્રભુને હું નમસ્કાર કરૂં છું. ૭.

નવાબ્ધનંદૈકમિતે સુવત્સરે ।
વસ્ત્રક્રયે ભક્તજનોદ્ધરાયવૈ ॥



શ્રીલક્ષ્મણાર્યૈ ર્વિધિવત્ વિરાજીતં ।
નમામ્યહં ગોકુલનાથમીશ્વરમ્ ॥ ૮ ॥

સંવત ૧૯૦૯ કપડવણજમાં પોતાના ભક્તોના કલ્યાણાર્થે ( પરમ ભાવુક વૈષ્ણવોની વિનંતિથી ) શ્રી-મદાચાર્યવર્ય ગોસ્વામી શ્રીલક્ષ્મણલાલજી મહારાજે શાસ્ત્રોક્ત વિધિદ્વારા બિરાજમાન કર્યા, (પધરાવ્યા છે.) એવા શ્રીમદ્ ગોકુલનાથજી પ્રભુને હું નમસ્કાર કરૂં છું. ૮

શ્રીમત્ વ્રજેશસ્ય પવિત્રમષ્ટકં ।
ભક્તિપ્રદં કેશવસૂનુના સ્વયમ્ ॥
કૃતંમયા શ્રી પુરુષોત્તમેનવૈ ।
પ્રભોઃ પદાબ્જેભ્ય સમર્પિતંશુભમ્ ॥ ૯ ॥

શ્રીમદ્ વ્રજેશ શ્રીવ્રજદુલેહરાયજી મહાપ્રભુ શ્રીમદ્ ગોકુલનાથજીનું ભક્તિને આપવાવાળું એવું આ પવિત્ર અષ્ટક તેને મેં શ્રીમદ્ જ્યોતિર્વિત કેશવલાલના પુત્ર શ્રીયુત પુરૂષોત્તમે સ્વયં બનાવ્યું છે અને તે શ્રીપ્રભુના ચરણકમળમાં સમર્પણ કર્યું છે. ૯

શુભં ભવતુ પાઠકાનામ.

# જાહેર ખબર.

। श्रीमन्नारायणाऽऽविष्कृतङ्काव्यम्. ।

( શ્રીમન્નારાયણદેવ મહારાજનું ઉત્પત્તિ મહાત્મ્ય. )

આ કાવ્યમાં શ્રીનારાયણદેવના સુદર્શન ચક્રનો અવતાર પૃથ્વિપતિ, ગુજરાત પાટણનો મહારાજા કર્ણ થયો. જેને સર્વ સદ્દગુણ સંપન્ન ( મહાવીર શંકર ભક્ત ) સિદ્ધરાજ જયસિંહ નામનો પુત્ર થયો હતો જે પૂર્વ જન્મને વિષે ઉદગ્ર વિદ્યાયક નામનો શંકર ભગવાનનો અનુચર સેવક પાર્ષદ હતો, પરંતુ તે દુર્વાસા મુનિના શ્રાપથી આ મનુષ્ય લોકમાં રાજવંશમાં તેનો જન્મ થયો હતો. જે સિદ્ધરાજે શ્રીમન્નારાયણદેવ તથા ગુપ્તેશ્વર મહાદેવ તથા નીલકંઠ સદાશિવનો તેમજ શ્રી મહાલક્ષ્મીનો કુંડ વાવમાંથી ઉદ્ધાર કર્યો વિગેરે વિગેરે તથા તે દેવ વર્યોની ઉત્પત્તિ તથા મહાત્મ્ય દર્શાવેલું છે તથા તેમાં ( कमलापुरी ) કપડવણજ શહેરનું સવિસ્તર વર્ણન કરવામાં આવ્યું છે પ્રથમ શ્લોક અને નીચે ગુજરાતીમાં ભાવાર્થ લખવામાં આવ્યો છે પુસ્તક અપૂર્વ છે. કિંમત રૂ. ૦-૧૨-૦ પોષ્ટેજ જુદું.

પુસ્તક મળવાનું ઠેકાણું:—

**शास्त्री पुरुषोत्तम केशवलाल जोषी.**

ગ્રંથકર્ત્તા, કપડવણજ.